ડૉ.એ.એન.સાબલપરા
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

# સંશોધન નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા,દાંડી રોડ, નવસારી–૩૯૬ ૪૫૦ (ગુજરાત),ફોન નં.૦૨૬૩૭–૨૮૩૧૬૦, ૨૮૨૭૭૧–૭૫
Exn.૧૧૧૪ ફેકસ નં.૦૨૬૩૭–૨૮૩૧૬૦
E-mail: nau_dr@yahoo.co.in, dr@nau.in

જા.નં.નકૃયુ/સં.નિ./ટી.૨/ડ્રાઈવર ફિકસ પગાર/૧૨૩૪૨૦–૭૬/૨૦૧૨ તા.૨૪.૧૧.૨૦૧૨

પ્રતિ,
..........................
..........................
..........................
..........................
..........................

**વિષય :–** ટ્રેકટર/જીપ ડ્રાઈવરનાં ફીકસ દરોમાં ફેરફાર કરવા....
**સંદર્ભ :–** અત્રેની કચેરીની નોંધ તા.૬/૧૧/૨૦૧૨

ઉપરોકત વિષયના અન્વયે જણાવવાનું કે, ફાર્મને લગતી વિવિધ કામગીરીઓ માટે ઉચ્ચકદરે (રૂા.૧૮૩/દિવસ) ટ્રેકટર/જીપ ડ્રાઈવર રોકવામાં આવતા હતા. પરંતુ સદર દરે ટ્રેકટર/જીપ ડ્રાઈવર મળતા ન હતા. જેથી ફાર્મની અગત્યની કામગીરીઓ સમય મર્યાદામાં પૂર્ણ થતી ન હતી. જે અંગે તા.૨૦/૧૧/૨૦૧૨ ના રોજ માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓની મીટીગ યોજવામાં આવેલ હતી. જેમાં અધિકારીશ્રીઓ તરફથી ટ્રેકટર/જીપ ડ્રાઈવરને રૂા. ૫૦૦૦/– ફિકસ દરે રોકવાની રજુઆત કરેલ હતી. જે સબબ સંદર્ભપત્રથી ટ્રેકટર/જીપ ડ્રાઈવરને રૂા.૫૦૦૦/– ના ફિકસ દરે જરૂરિયાત મુજબ રોકવાનું નકકી કરવામાં આવેલ છે. આ માટે સામેલ શરતોને આધિન મંજુરી મેળવીને સદર ફિકસ દરે ડ્રાયવર રોકવાના રહેશે. તા.૧/૧૨/૨૦૧૨ ની અસરથી મંજુરી લેવાની રહેશે.

સદર ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીએ અનુમતિ આપેલ છે.

**સામેલ** : ઉપર મુજબ

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>**નકલ રવાના :–**</u> પ્રતિશ્રી, કુલસચિવશ્રી, નવસારી કુષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.

# <u>શરતો</u>

**૧ ટ્રેકટર/જીપ ડ્રાયવરને કરાર આધારિત રોકવા માટે સામેલ કરેલ નિર્ધારિત ''કરાર કામગીરી આપવાની શરતો'' પ્રમાણે રૂા.૫૦/– ના સ્પેમ્પ પેતર પર કરાર કરવાના રહેશે.**

૨ ટ્રેકટર ડ્રાઈવરની કામગીરીનાં દર્શાવેલ દર ફુલ ટાઈમનાં માસિક દર છે.

૩ યુનિવર્સિટીનું ટ્રેકટર જયારે હેડ કર્વાટરની બહાર પ્રવાસમાં જાય ત્યારે કોન્ટ્રાકટ ડ્રાયવર ફરજમાં હોય તો તેને નીચેની વિગતે પ્રવાસ ભથ્થું ચુકવવું.

- ૧૨ કલાકથી વધુ સમયની મુસાફરી માટે દૈનિક રૂા. ૫૫.૦૦
- ૬ કલાકથી વધુ સમયની મુસાફરી માટે દૈનિક રૂા. ૨૭.૦૦
- ૬ કલાકથી ઓછા સમયની મુસાફરી માટે દૈનિક રૂા. ૧૬.૫૦

૪ જરૂર જણાયે રજાનાં દિવસે કામગીરી કરવાની રહેશે.

૫ ઉપરોકત પ્રકારની કામગીરી માટે જરૂરી કામગીરીની અગત્યતા અને જરૂરીયાત બંનેને ઘ્યાને રાખી જે તે વિભાગોએ કરાર આધારિત ડ્રાયવર રોકવા માટે કુલસચિવશ્રીની મંજુરી સંશોધન નિયામકશ્રીની ભલમાણ સહ યુનિવર્સિટીના નિતિ નિયમોનુસાર મંજુરી મેળવી ઉચ્ચક કામગીરી માટે માન્ય શરતો/બોલીઓને આધિન રહી કરાર પધ્ધતિથી રોકવાના રહેશે.

૬ કામગીરીના દિવસો ઓછામાં ઓછા ચોવીસ ગણવાના રહેશે.

૭ ૨૪ દિવસથી ઓછા દિવસો કામ કરે તો જે તે મહિનાના દિવસો પ્રમાણે એક દિવસની રકમ ગણી તેની કપાત કરવાની રહેશે.

૮ માસિક ઉચ્ચક દરથી રાખવામાં આવેલ ઈસમને દર બે માસે નિયમોનુસાર બ્રેક આપવાની રહેશે.

૯ વાહન/ટ્રેકટરને નુકશાન થાય નહિ તેની શકય એટલી કાળજી લેવાની રહેશે.

૧૦ માસિક ઉચ્ચકદરથી રાખવામાં આવેલ ઈસમ યુનિવર્સિટીનો કર્મચારી ગણાશે નહિ અને યુનિવર્સિટીના લાભાલાભ મળવાપાત્ર થશે નહિ. જે માટે હકક દાવો નહી કરી શકાશે.

# કરાર ઉપર કામગીરી આપવાની શરતો

અમોને નવસારી કૃષિ યુનિવર્સિટીના ............................................................ (કચેરીનું નામ સરનામુ) ................................................................ થી સરનામુ ........................................................ ને આ યુનિટ/કચેરી માટે નીચેના કામ સબબ કરારથી મર્યાદિત સમય માટે રોકવામાં આવે છે.

કામગીરીની વિગત

આ કરારની શરતો નીચે મુજબ છે. જે બંને પક્ષકારોને માન્ય છે.

૧. આ કામગીરી તા. / /૨૦ થી તા. / /૨૦ સુધીના કરાર ઉપર તદ્દન કામ ચલાઉ અને મુકરર સમયની છે.

૨. આ કામગીરીનો સમય તા. તા. / /૨૦ થી તા. / /૨૦ ના રોજ પૂરો થતાં કચેરી સમય બાદની અસરથી શ્રી ............................................................................ છુટા થયેલ ગણાશે તેમજ છુટો કરવાની નોટીસ આપવાની રહેતી નથી.

૩. આ કામગીરી દરમ્યાન માસિક રૂા. .............................................(અંકે રૂપિયા........................ ..................................પૂરા) નું વેતન આપવામાં આવશે.

૪. શ્રી ........................................................ ની સેવાઓ આ યુનિટ/કેન્દ્ર/ કચેરીના વડાને હવાલે રહેશે અને કચેરી સમય ......................... થી ....................... કલાક સુધી ફરજીયાત હાજર રહીને કામગીરી કરવાની રહેશે.

૫. શ્રી ........................................................ યુનિટ વડાની પૂર્વ મંજુરી વિના ગેર હાજર રહી શકાશે નહિ અને જો તેમ કરશો તો ગેર વર્તણુંક ગણાશે.

૬. આ મુકરર સમયની કામગીરી દરમ્યાન તેઓ ગેરહાજર રહેશે તો તેટલા દિવસની ગેર હાજરી માસિક કરાર દરની સરેરાશ મુજબની બાદ કરી ચુકવણા કરવાના રહેશે.

૭. આ કામગીરી દરમ્યાન શ્રી.................................... ગેર વર્તણુંક આચરશે અથવા તેમની ફરજો સંતોષકારક નહી જણાય તો આ કામગીરીનો કરાર યુનિટ વડા તાત્કાલિક રદ કરી શકશે.

૮. આ કરારી કામગીરી શ્રી .................................... ના હાથે યુનિટ /કેન્દ્ર,કચેરીના હકક હિતને અથવા અન્ય નુકશાન થશે તો તે નુકશાની પેટે યુનિટ વડા જે રકમ નકકી કરે તે ભરપાઈ કરી આપશે.

૯. યુનિટ/કેન્દ્ર/કચેરી જાહેર રજાઓના દિવસે બંધ રહે તે દરમ્યાન યુનિટ વડા કામગીરી કરવાનું કહે તો તેઓએ હાજર રહીને કામગીરી કરશે.

૧૦. શ્રી ......................................... કોઈપણ જાતની રજા માટે હકકદાર ગણાશે નહી.

૧૧. અસામાન્ય સંજોગોમાં યુનિટ વડા આ કરારી કામગીરીર ગમે ત્યારે રદ કરી શકાશે.

૧૨. બંને પક્ષકારો સંમતિથી આ કરારનો સમય પહેલા અંત લાવી શકાશે.

૧૩. શ્રી ....................................... પોતે કરારનો એક તરફી ભંગ કરશે તો યુનિટ વડા જે રકમ નકકી કરે તેટલી રકમ નવસારી કૃષિ યુનિવર્સિટીને ભરપાઈ કરી આપશે.

સાક્ષી : (૧) કરારથી કામગીરી લેનાર

(૨)

સાક્ષી : (૧) કરારથી કામગીરી લેનાર

(૨)